ગાંધીનગર સમાચાર
તા. ૧૦-૭-૨૦૧૪, ગુરૂવાર

તંત્રી સ્થાનેથી....

મોટી આશાઓ બંધાવતું રેલ બજેટ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આઈડિયાબાજ નેતા છે. લોકોને આકર્ષવા માટે એ નવનવા વિચારોનાં વૃંદાવન ખડાં કરી શકે છે. ચૂંટણી ઝુંબેશ ટાણે એમને આવા વિચારોનું વાવાઝોડું વહેતું મૂક્યું હતું જે ચૂંટણીનો દિવસ આવ્યો ત્યાં સુધીમાં સુનામીમાં ફેરવાઈ ગયું હતું. સદાનંદ ગોડાનું હાઈસ્પીડ રેલ બજેટ મૂળે તો મોદીના જ મગજની કલ્પનાઓ ગૂંથીને તૈયાર કરાયુ છે. પણ શું એ વિચારો, એ રમ્ય કલ્પનાઓ વાસ્તવ બની શકશે? ગુજરાતના મુખ્યમંત્રી પદે આવતાંની સાથે એમને મેટ્રો રેલની વાત વહેતી મૂકી હતી. ગિફ્ટ સિટી વગેરે પણ એમનાં જ ભેજાની પેદાશ ગણાય. આ બધા પ્રોજેક્ટ હવામાં રહી ગયા હોય અને નરેન્દ્રભાઈ પણ ગુજરાતીઓને - સવિશેષ અમદાવાદ-ગાંધીનગરવાસીઓને એમને ગમતી લોલીપોપ ચગળાવી પોતે જ હવા થઈ ગયા હોય એવું નથી લાગતું? બુલેટ ટ્રેનનો વિચાર ઘણો ઉમદા છે, ટ્રેનોમાં એરોપ્લેન જેવાં બાયો ટૉઈલેટ મૂકવાની વાત કોને ન ગમે? ડિસ્પોઝેબલ બેડશીટ્સ, દરેક સ્ટેશને આર.ઓ. સિસ્ટમનું શુદ્ધ પાણી બ્રોન્ડેડ પેકિંગવાળું શુદ્ધ ભોજન, રિઝર્વેશન સિસ્ટમમાં સુધારો - આ બધી આમલી પીપળી ભારતીય રેલના બખડજંતરિયા તંત્રમાં સેટ કરતાં, મનોજ ખંડેરિયાની ગઝલ પંક્તિ ટાંકીને કહીએ તો 'વરસોનાં વરસ લાગે.' બુલેટ ટ્રેનનું લોલીપોપ સૌથી વધારે આકર્ષક છે. અમદાવાદથી મુંબઈ અપડાઉન કરી શકાય એવી વ્યવસ્થા! પરંતુ એ આપણું રેલતંત્ર કઈ તારીખથી ઉપલબ્ધ કરાવશે? રેલમંત્રી સદાનંદ ગૌડાએ મોદીના ફળદ્રુપ ભેજામાંથી કાઢી કાઢીને જનતા સમક્ષ ધરેક રૂપકડી અને લલચામણી ભેટો નાતાલના રમતિયાળ સાંતાકલોઝની જેમ રમતી મૂકી દીધી એ પૈકી કેટલી વાસ્તવિક છે? રેલ બજેટમાં ૫૮ નવી ટ્રેનોની જાહેરાત કરાઈ છે. જેમાં પાંચ જનસાધારણ ટ્રેનો અને પાંચ પ્રિમિયમ એસી ટ્રેનોનો સમાવેશ થાય છે. રેલતંત્ર ખાડે જવાની તૈયારી હતી એવી ક્ષણે મોદી સરકારે એનો હવાલો સંભાળ્યો હોવાની રેલતંત્રીની રજૂઆતમાં આંશિક તથ્ય જરૂર હોઈ શકે. પરંતુ છેક લાલુ-મમતા યુગથી રેલવે તંત્રે મુસાફરો પર બોજ વધારવાની હિંમત નહોતી કરી તે ગૌડાએ કરી છે, એ પણ બજેટ પૂર્વે. વળી એ તો અગાઉની સરકારે કરેલો ભાડાવધારો જ હતો એવા બહાના હેઠળ દોષનો ટોપલો આખેઆખો ગત યુપીએ સરકાર પર ઢોળી દઈ ભર્યા તળાવમાંથી કોરેકોરો નીકળી જવાની ગુસ્તાખી પણ કરાઈ છે. રેલવેમાં સીધા વિદેશી રોકાણને મંજૂરી આપવાની નીતિ સામે લાલુ યાદવ જેવા નેતાઓએ સખત વિરોધ નોંધાવ્યો છે. ભંડોળના અભાવે જાહેર કરાયેલ યોજનાઓ અટકી પડતી હોય ત્યારે વિદેશી મૂડી વગર રેલવે તંત્રનો ઉદ્ધાર શક્ય જ નથી, એવા નિષ્કર્ષ સાથે મોદી સરકાર એના પ્રાઈવેટાઈઝેશન પ્રોગ્રામને આગળ ધપાવવા કૃતસંકલ્પ છે. વિશેષપણે ગંદાગોબરાં રેલવે સ્ટેશનનો હવાઈ મથકો જેવાં ચોખ્ખાં ચણાક બનાવવાં, રેલવે સુરક્ષા વધુ મજબૂત બનાવતી વગેરે બાબતો જરૂર પ્રવાસીઓને આકર્ષે એવી છે. ચાર ધામોને જોડતી ટ્રેન સેવા પણ ભારતીય જનતા પાર્ટીની હિંદુ વોટબેંકને વધુ મજબૂત બનાવશે. મોદીએ હિમાલયમાં રેલ્વે ચલાવવાની ભવ્ય કલ્પના તો કરી છે પરંતુ એ સાકાર કરતાં કેટલો સમય લાગશે, એની કશી ચોખવટ ગૌડાનાં બજેટમાં નથી! હાઈસ્પીડ ટ્રેનો સિવાય આ બજેટની ઘણી બધી બાબતો અગાઉનાં બજેટોમાં દર્શાવતી રહેલી આમલીપીપળીનું જ પુનરાવર્તન લાગે છે. બુલેટ ટ્રેનનો મૂળ વિચાર તો યુપીએ સરકારનો જ છે. ગુજરાતને કેટલીક નવી ટ્રેનો ફાળવી છે ખરી, પરંતુ અમદાવાદને પશ્ચિમ રેલવેના વડામથકનું ગૌરવ મોદી નથી અપાવી શક્યા. ગાંધીનગર ગુજરાતની રાજધાની હોવા છતાં રાજધાની એક્સપ્રેસ ગાંધીનગરવાસીઓ માટે તો અમદાવાદની જ અસ્કામત છે. ગાંધીનગર રેલવે સ્ટેશનના વિકાસની અને કેટલીક ટ્રેનો ડાઈવર્ટ કરીને કે લંબાવીને ગાંધીનગર સ્ટેશનને આવરી લેવાની કવાયત હજી બાકી જ રહી છે. તૃણમૂલ કોંગ્રેસના બોલકા વિરોધ વચ્ચે અને સોનિયા ગાંધીની નારાજગી વચ્ચે રજૂ થયેલ બજેટમાં ઘણી મોટી આશાઓનો અંબાર ભરેલો છે. મૂળ વાત આ બધી યોજનાઓનાં અમલીકરણની છે. ઉમાશંકર જોશીની કવિતા 'બળતાં પાણી'ની છેલ્લી પંક્તિ યાદ આવી જાય છે : 'અરે, એ તો કયારે?

- ભસમ સહુ થૈ જાય પછીથી?'

ગાંધીનગરના કુડાસણ રોડ પર આવેલ પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા તા. ૭ મી જુલાઈએ 'પરિવર્તન રેલી-૨૦૧૪-૧૫'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીનો ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં જવાબદાર નાગરિક તરીકેની જાગૃતિ લાવવાનો હતો. આ પ્રસંગે વોર્ડ નં. ૧ નો કોર્પોરેટર દેવેન્દ્રસિંહ ચાવડા મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહ્યા હતા. જેમનું શાળાના આચાર્યા શ્રીમતિ સોનિયાબેન ખત્રીએ સ્વાગત કર્યું હતું.

જે.એમ.ચૌધરી શાળામાં મહેંદી સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૯

સેકટર-૭માં આવેલ જે.એમ. ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલયમાં મહેંદી સ્પર્ધા યોજવામાં આવી હતી. સ્પર્ધામાં શાળામાં અભ્યાસ કરતી ધોરણ-૫ થી ૮ની વિદ્યાર્થીનીઓ જોડાઈ હતી. શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીનીઓને ઈનામ આપવામાં આવ્યા હતા.

નગરના સેકટર-૭માં આવેલ અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત જે.એમ. ચૌધરી સાર્વજનિક પ્રાથમિક શાળામાં મહેંદી સ્પર્ધા યોજવામાં આવી હતી. શિક્ષણની સાથે વિદ્યાર્થીનીઓની આંતરિક શકિતઓ વિકસે તે હેતુથી શાળામાં સ્પર્ધા યોજવામાં આવી હતી.

સ્પર્ધામાં ધોરણ-પથી ૮ની કુલ ૮૦ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. બે ભાગમાં યોજાયેલ સ્પર્ધામાં અંજલી પટેલ ધોરણ-૬-બ પ્રથમ અને ધોરણ-૫-બીમાં અભ્યાસ કરતી માહિ પટેલે બીજો નંબર મેળવ્યો હતો તેમજ ધોરણ ૭ થી ૮માં પ્રથમ નંબરે ઋત્વી રાઠોડ ધોરણ ૮-ક, બીજા નંબરે હેતાશી પારેખ ધોરણ-૮-ડ અને ત્રીજા નંબરે નેન્શી પટેલ ધોરણ-૭-એ મેળવ્યો હતો. સ્પર્ધાનું આયોજન દક્ષાબેન પટેલ, મંદાકીનીબેન ત્રિવેદી દ્વારા કરવામાં આવ્યું હતું. વિજેતા વિદ્યાર્થીનીઓને આચાર્યા મીનાબેને અભિનંદન પાઠવ્યા હતા.

વિકલાંગ સહાયક કેન્દ્ર દ્વારા વિકલાંગ વિધવાને મદદ કરાઈ

ગાંધીનગર, તા. ૯

વિકલાંગ સહાયક કેન્દ્ર દ્વારા વટવા ખાતે રમઝાન માસ નિમિત્તે વિકલાંગ વિધવા અને ગરીબ મુસ્લીમ પરિવારોને ખાદ્ય સામગ્રી અપાઈ હતી. સંસ્થાના પ્રમુખશ્રી બાબુભાઈ સાબુવાલા જે વિકલાંગ છે. તેમણે ભરીરથ કાર્ય હાથમાં લીધુ છે. વટવાના જાણીતા ઉદ્યોગપતિ શામ સેવા ફાઉન્ડેશનના ચેરમેન શ્રી મગનભાઈ પટેલનો સહકાર મળેલ હતો. ૩૫૦ વિકલાંગ પરિવારોને મદદ કરાઈ હતી.

વિકલાંગ સહાયક કેન્દ્ર વટવા દ્વારા રમઝાનના પવિત્ર માસ નિમિત્તે સૈયદવાડી ખાતે આવેલ અસ્મી હાઈસ્કૂલના પટાંગણમાં વિકલાંગ, વિધવા અને ગરીબ મુસ્લિમ પરિવારોને મદદ કરવા આ સંસ્થાના પ્રમુખશ્રી બાબુભાઈ સાબુવાલા જે પોતે વિકલાંગ છે તેમણે આ ભગીરથ કાર્ય હાથમાં લીધુ અને તેમને અનેક સંસ્થાઓની સેવાકીય પ્રવૃત્તિઓની સાથે સંકળાયેલા વટવાના જાણીતા ઉદ્યોગપતિ શ્રી મગનભાઈ પટેલનો સાથ-સહાકર મળ્યો હતો. ૩૫૦ થી પણ વધુ વિકલાંગ, વિધવા અને ગરીબ મુસ્લિમ ભાઈ-બહેનો એક માસ સુધી ચાલે તેવી રસોડાની જરૂરિયાત મુજબ ખાદ્ય સામગ્રી સહાય આપવામાં આવી હતી.

આજથી ધો-૧૦ અને ધો-૧૨ની પૂરક પરીક્ષાઓ

રાજયમાં ધો-૧૦ના ૧,૧૪,૪૦૦ તેમજ ધો-૧૨ના સા.પ્ર.ના ૯૧૬૯૭ અને વિ.પ્ર.ના ૧૩,૫૭૪ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે

ગાંધીનગર, તા.૯

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તા. ૧૦મી જુલાઈથી તા. ૧૫મી જુલાઈ સુધી ધો-૧૦ અને ધો-૧૨ના વિદ્યાર્થીઓ માટેની રેમેડીયલ પરીક્ષા યોજાશે. ધો-૧૦માં બે વિષયમાં અને ધો-૧૨ સામાન્ય પ્રવાહમાં એક વિષયમાં નાપાસ થનાર વિદ્યાર્થીઓ ઉપરાંત વિજ્ઞાન પ્રવાહની માર્ચ ૨૦૧૪ની પરીક્ષામાં પ્રમાણપત્ર માટે લાયક ન ઠરેલા ઉમેદવારો તથા સેમેસ્ટર-૩ અને સેમેસ્ટર-૪માં વિજ્ઞાન પ્રવાહમાં કોઈ પણ કારણસર પરીક્ષા આપવા પાત્ર ઠરતા ઉમેદવારો આ રેમેડીયલ પરીક્ષામાં બેસી શકશે. આ પરીક્ષા શાંતિપૂર્ણ અને પારદર્શી રીતે લેવાય તે માટે બોર્ડ દ્વારા ઓબ્ઝર્વરની નિમણુંક કરવામાં આવી છે.

ગુજરાત રાજયના ૩૫ કેન્દ્રો પરથી અંદાજે ૨૩૯ પરીક્ષા સ્થળો પરથી ધો-૧૦ના કુલ ૧,૧૪,૪૦૦ વિદ્યાર્થીઓ તેમજ ધો-૧૨ સામાન્ય પ્રવાહમાં રાજયના ૩૨૪ પરીક્ષા સ્થળો પરથી કુલ ૯૧,૬૯૭ વિદ્યાર્થીઓ જયારે વિજ્ઞાન પ્રવાહની પુરક પરીક્ષામાં ૬૨ પરીક્ષા સ્થળો પરથી કુલ ૧૩,૫૭૪ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. આ સેમેસ્ટર-૩ની પૂરક પરીક્ષામાં રાજયના ૬ પરીક્ષા સ્થળો પરથી કુલ ૫૫૨ વિદ્યાર્થીઓ અને સેમેસ્ટર-૪માં ૬ પરીક્ષા સ્થળો પરથી કુલ ૭૮૭ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.

ડિપ્લોમા એન્જિ.માં પ્રવેશ માટે ૪૫૨૧૭નું ચોઈસ લોક કરાયું

ધોરણ-૧૦ બાદ ડિપ્લોમા એન્જીનીયરીંગમાં પ્રવેશ પ્રક્રિયાનાં પ્રથમ રાઉન્ડ પૂર્ણ થઈ ચુક્યો છે. આ પ્રથમ રાઉન્ડમાં કુલ ૪૫૨૧૭ વિદ્યાર્થીઓએ ચોઈસ લોક કરી હતી જ્યારે પ્રથમ રાઉન્ડનું મેરીટ લીસ્ટ આગામી તા. ૧૧ જુલાઈના રોજ જાહેર કરવામાં આવશે ત્યારબાદ જરૂર પડશે તો બીજા રાઉન્ડની પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. ધોરણ-૧૦ બાદ ડિપ્લોમા એન્જીનયીરીંગમાં પ્રવેશ માટેની પ્રવેશ પ્રક્રિયા એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ ડિપ્લોમા કોર્સીસ દ્વારા હાથ ધરવામાં આવી છે જે અંતર્ગત પ્રથમ રાઉન્ડની પ્રવેશ પ્રક્રિયા ચોઈસ ફિલીંગની પ્રક્રિયા પૂર્ણ થઈ ચુકી છે. પ્રથમ રાઉન્ડમાં મેરીટ લીસ્ટમાં સમાવિષ્ટ ૫૮,૬૬૮ ઉમેદવારોમાંથી ૫૩,૫૧૮ ઉમેદવારો દ્વારા ચોઈસ ફિલીંગ કરવામાં આવ્યું છે.

હરિની દૃષ્ટિ...

ગરજતે બાદલ દેખો, બારીશ બેસુમાર દેખો !! મહેંગાઈ કી માર દેખો !! ટ્રેઇન કી રફ્તાર દેખો... !!

સુથાર સમાજના તેજસ્વી તારલાઓનું સન્માન યોજાશે

ગાંધીનગર, તા. ૯

ગુજરાત સુથાર સમાજના પ્રમુખશ્રી ઠાકોરભાઈ મિસ્ત્રીએ જણાવેલ છે કે સુથાર સમાજના સભ્યો જેઓ મેવાડા, ગજજર, વૈશ્ય, તથા પંચોળી જ્ઞાતિના છે તેમના સંતાનો ૨૦૧૪માં ઉત્તીર્ણ થયા હોય તેઓને નર્સરીથી અનુસ્નાતક સુધીના પરિણામની ઝેરોક્ષ નકલ મંત્રીશ્રી ચન્દ્રકાન્ત મિસ્ત્રી, ગુજરાત સુથાર સમાજ મરીમાતાનો ખાંચો, સુરસાગર સામે, દાંડિયાબજાર, વડોદરા મોકલી આપવી તેમ જણાવેલ છે. સોમથી શનિ સાંજે ૪ થી ૬ સંપર્ક સાધવો.



જ્ઞાનકુંભ

- દર્શન મારૂ

વર્તમાન પ્રવાહો

૧. વર્ષ ૨૦૧૪ પોલિયો નાબુદી અભિયાન અંતર્ગત અમિતાભ બચ્ચને કયું નવું સૂત્ર આપ્યું છે?
→ 'દો બૂંદ ઝિંદકી કી'

૨. વર્ષ ૨૦૧૪માં વિરાટ કોહલીએ ૧૧૯ વન-ડે ઇનિંગમાં ૧૮ સદી ફટકારવાના વર્લ્ડ રેકોર્ડ કરી કોનો રેકોર્ડ તોડયો છે?
→ સૌરભ ગાંગુલી

૩. વર્ષ ૨૦૧૪માં રમાયેલા હોકી વર્લ્ડ લીગ ફાઇનલમાં ભારત કેટલામાં ક્રમે રહ્યું હતું?
→ (છઠ્ઠા)

૪. વર્ષ ૨૦૧૪માં ચેન્નઇ ઓપન ટેનિસ ટુર્નામેન્ટ જીતનાર ખેલાડી સ્ટેનિસ્લાસ વાવરિંકા એ ફાઇનલ મેચમાં કોને હાર આપી હતી?
→ રોજર વેલસિન

૫. રોજલ વેસલિન કયા દેશનાં ટેનિસ ખેલાડી છે?
→ સ્વિઝર્લેન્ડ

૬. વર્ષ ૨૦૧૪માં યોજાયેલી બ્રિસ્બેન ઇન્ટરનેશનલ ટેનિસ ટુર્નામેન્ટની ફાઇનલમાં કયા ખેલાડીએ રોજર ફેડરરને હરાવી ખિતાબ જીત્યો હતો?
→ લેટન હેવિન

૭. વર્ષ ૨૦૧૪માં યોજાયેલી એશિઝ સિરીઝમાં ૩૭ વિકેટ ઝડપનાર કયા બોલરને મેન ઓફ ધ સિરીઝનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો?
→ મિચેલ જહોન્સન

૮. વર્ષ ૨૦૧૪માં ગાયિકા આશા ભોંસલેને કયા શહેરની યુનિવર્સિટીએ માનદ ડોકટરેટની ડિગ્રી એનાયત કરી છે?
→ પૂણે

૯. વર્ષ ૨૦૧૪માં કેન્દ્ર સરકારે કેટલી નવી રોજગારીની તકોનું સર્જન કરવાની જાહેરાત કરી છે?
→ ૮.૫૦ લાખ

૧૦. વર્તમાન વર્ષમાં ભારત સરકારે પી.એફ.નો વ્યાજ દર કેટલા ટકા વધાર્યો છે?
→ ૦.૨૫ %

૧૧. વૈશ્વિક રીટેલ જાયન્ટ કંપની વોલમાર્ટે ભારતમાં બિઝનેશ કરવા નવી કઇ કંપનીની સ્થાપના કરી છે?
→ વોલમાર્ટ ઇન્ડિયા પ્રાઇવેટ લિ.

૧૨. વર્ષ ૨૦૧૪માં ભારત સરકાર દ્વારા કયા વ્યક્તિની યાદમાં ટપાલ ટિકીટ બહાર પાડવામાં આવી છે?
→ જગજીતસિંહ

૧૩. વર્ષ ૨૦૧૪માં દક્ષિણ ધ્રુવની સફળ ખેડનાર બ્રિટનો ૧૬ વર્ષીય કિશોર કોણ છે?
→ લ્યુઅસ કલાર્ક

૧૪. દક્ષિણ ધ્રુવની સફળ ખેડનાર લ્યુર્સ કલાર્કે કેટલા કિ.મી.ની યાત્રા કરી હતી?
→ ૧૧૨૯, કેટલા દિવસ-૪૮

૧૫. વર્ષ ૨૦૧૪માં સ્પેનના નવા રાજા તરીકે કોની વરણી કરવામાં આવી છે?
→ જોન કાર્લોસ

૧૬. પાકિસ્તાની શરિયત કોર્ટના ઇતિહાસમાં નિમાયેલાં સૌ પ્રથમ મહિલા જજનું નામ શું છે?
→ અશરફ જહાં

૧૭. વર્ષ ૨૦૧૪માં લઘુમતીનો દરજ્જો મેળવનાર જૈન કેટલામો સમુદાય બન્યો છે?
→ (છઠ્ઠા) (૫૦ લાખ)

૧૮. રેલ્વેતંત્ર દ્વારા વર્ષ ૨૦૧૪માં રિયાટરીંગ રૂમ ઓનલાઇન બુકીંગ કરાવવાની સુવિધા ત્યા સ્ટેશન પર પ્રાથમિક ધોરણએ હાથ ધરવામાં આવી છે?
→ મુંબઇ CST

૧૯. વર્ષ ૨૦૧૪માં બિહારમાંથી ૧૫૦૦ વર્ષ જૂની કઇ યુનિ.ના અવેશેષો મળી આવ્યા છે?
→ તિલાધક મહાવિશ્વવિદ્યાલય

૨૦. વર્ષ ૨૦૧૪માં વિશ્વનું સૌથી લાંબુ રેલ્વે પ્લેટફોર્મ કયું જાહેર કરવામાં આવ્યું છે?
→ ગોરખપુર

દરિદ્રનારાયણની ભૂખ મીટાવશે 'કોલ્ડ અને હીટ સ્ટોરેજ ભોજનાલયો'

વિચારોનાં મધુવનમાં

પ્રા. ડો. રાકેશ પટેલ

હાર ન માનતી કીડી, હાર ન છોડતી કીકી
ડમરું વાગે કે વાગે ઢોલ, રસ્તો ના છોડતી કીકી
રમતને રમત, મમતને મમત
ગમ્મતને ન છોડતી કીડી
આપણા સૌથી રીતિ, એ જ નીતિ
હાથ મીલાવવાનું ન છોડતી કીડી
ગજવામાં બોર, એને ન ઢોળ
ગુણની ગરિમા ન છોડતી કીડી
હાથી ને મણ, કીડીને કણ
મન મારું ન છોડતી કીડી

સમાજને સ્નેહ કરવાનું શીખવતી કીડીને બરાબર સમજી લઇએ તો તેનામામાં આપણાં લઘુ ગુરૂ બનવાની ક્ષમતા છુપાયેલી છે. આચાર્ય રજનીશે સમાજની બુરાઇઓને સમજવા પ્રયત્નો કર્યા. તેમને પોતાના અનુભવ વર્ણવતા કહ્યું છે. 'હું એક ગામમાં ગયો અને એક છોકરીએ મને કહ્યું એની ઉંમર લગભગ તેર-ચૌદ વરસની છે. તેણે મને કહ્યું કે મને મુકતિ જોઇએ. મને લાગ્યું હવે આ છોકરી ઘરડી થઇ ગઇ કહેવાય... મેં એને કહ્યું કે તું ઘરડી થઇ ગઇ? મુક્તિની વાત! હજી જીવી પણ નથી. પરંતુ તેણે કહ્યું કે મારું ઘર તો ભારે ધાર્મિક છે. એ મને પોતાને ઘરે લઇ ગઇ, ધાર્મિક ઘર જેવું હોય છે - ઉદાસ, મરેલું! બધા રાહ જોઇ રહ્યાં છે મુક્ત થવાની! તો ત્યાં જીવવાની નવરાશ કોને છે. બાપ પણ મરેલો, મા પણ મરેલી, આખું ઘર ઉપવાસની છાયામાં દબાયેલું. સ્વાભાવિક છે, તો છોકરી ઘરડી થઇ ગઇ. જો આ છોકરીનું ચિત્ર બનાવવું હોય તો તેને ચૌદ વરસની ઉંમર આપવી' 'અન-ઓથેન્ટિક' ગણાશે, અપ્રામાણિક ગણાશે. આ છોકરીનું ચિત્ર બનાવવું હોય, તો કેમેરો તો તેનું ચિત્ર બનાવશે તો એંસી વરસની ઉંમર બનાવવી જોઇએ. તેના ચિત્રની ઉંમર એટલી થઇ ગઇ.

આ દેશની સમાજવ્યવસ્થાને સમજવા અનેક વિદેશી લોકોએ પ્રયત્ન કર્યો છે. પણ તેની નાડને પકડવામાં તેઓ નિષ્ફળ રહ્યા છે. શું આ સમાજની અસ્તિત્વની દિવાલમાં ? પાયામાં છે ધર્મની ઉદાર ભાવના, પ્રકૃતિનાં કણે - કણમાં ઇશ્વરીય આવાસને વંદન કરનારો ભારતીય સમાજ મુશ્કેલીઓમાં ઓર નિખરે છે. અનેક નિરાશાઓ અને હાડમારીઓ અને આપત્તિઓમાં પણ ન તુટવું એ જેનો સ્વભાવ રહ્યો છે. પણ હજી પણ અનેક સમસ્યાઓ મોં ખોલીને આપણી સામે ડોકીયું કરે છે.

જયાં 'સ્વ'ની ઓળખ ન થાય ત્યાં સમાજનું બંધારણ નબળું પડે છે. હજી કયાંક વાસી વિચારોની દુર્ગંધ છૂટે છે. સમાજને સમજવા માટે ઉદારદિલ બનવું પ્રથમ શરત છે. દૈનિક ઘટમાળમાં વિચારની શરૂઆત 'હું' થી થાય છે પણ સમાજસેવાની લગની લાગે તો તે 'અમે' સુધી તેનો વિસ્તાર થાય. કેટલાક સમાજનું ભલું કરવાનો ડોળ કરીને પોતાનું ભલું કરવાનો છૂપો ઇરાદો સેવતા હોય છે. સમાજને સાચવવાથી સમાજ આપણને સાચવે. સમાજની ઊણપો સુધારવાની હોય, નહિં કે ઉજાગર કરવાની.

સમાજરૂપી મેદાનમાં બધા પ્રકારનાં ખેલાડી આવવાના. કોઇ હોનહાર હોય તો કોઇ નરમ પણ. કોઇ બધાને પછાડનાર હોય કોઇ બધાને એકસૂત્રમાં બાંધી રાખનાર હોય. પણ સરદાર તો એ જ છે જે બધાને એકસૂત્રે બાંધી રાખે.

સમાજ વિકાસ માટે આયોજન અને અમલ નવા વિચારો સાકારિત કરનારી બે આંખો છે. પરંતુ બંધ આંખોએ દર્પણમાં પણ ન દેખાય. સમૃદ્ધ સમાજબંધુ એ સમાજની કરોડરજ્જુ છે. જેના વિના સમાજ હંમેશા આધાર વિનાનો લાગશે. ધનવાનને માત્ર ધન જ વહાલું નથી લાગતું. તેને પ્રશંસાના બે બોલ પર 'બિલિયન' જેવા લાગે છે. મહિલા સમાજનું ઉદર છે. સ્ત્રીશક્તિની સંકલ્પશક્તિ અશક્યને શક્ય બનાવી જાય છે. સ્ત્રી જાગે તો સમાજ ઊંઘવાની હિંમત ન કરી શકે. સ્ત્રી ભોજન પીરસે એ પુરતું નથી, તે સંસ્કાર અને ઉત્સાહને પણ ઘરનાં સભ્યોને ભલે પીરસતી. દંભવાળો માણસ સમાજ સેવક થવાને લાયક નથી. તેની ચારપૈડા વાળી મોટી ગાડી કરતાં બે પૈડાવાળી ગાડી સમાજને જલ્દીથી આગળ લઇ જઇ શકે છે. દંભીને કાર્યક્રમનો દિવસ ગમશે પણ કાર્યક્રમની પૂર્વ તૈયારીની રાહ પસંદ નહીં પડે.

યુવાન કાર્યકર્તા સમાજની મજબૂત ભૂજા છે. યુવા કાર્યકર્તાને ચાલવાનું નહિં દોડવાનું ગમતું હોય છે. તેને બોલવાનું નહિં બોલેલા બોલ ઉપાડવાનું ગમતું હોય છે. દૃઢ નિશ્ચયવાળો યુવાન સમાજને સમૃદ્ધિની ટોચ પર લઇ જવા રાત-દિવસની મહેનતની પાંખોની ઉડાન લગાવશે. સમયને સમજીને સમાજનો સર્વાંગી વિકાસ કરે તે નેતા. સરદાર પટેલની સંકલ્પશક્તિ અને શ્રીકૃષ્ણની સ્નેહશક્તિથી જ નેતા સમાજને દોરી શકે. હાથ જોડે તે નેતા તો ખરો જ પણ હાથ આપે તે સાચો નેતા. વિજય પરાજય જેના માટે સામાન્ય છે તે જ લોકશાહીનો ખરો બંદો છે અને છેલ્લે પ્રજા સમાજનો પ્રાણ છે. સમાજને રત્નો સાચવીને જ નહિ ચલાવી શકાય પણ માનવરત્નો પેદા કરીને કશુંક નક્કર આપી શકાશે.

શિક્ષણ એ સમાજની ઢાલ છે. જે સંઘર્ષના માર્ગે આગળ જતાં કિંમતી જડીબુટ્ટી જેવું કામ આપે છે. આજનું શિક્ષણ આવતીકાલની સમૃદ્ધિ છે. ખેતી આપણુ સર્વસ્વ છે. જેના થકી આપણી તૃપ્તિ બુજાય છે. સમાજ સમૃદ્ધ બને છે નવા વિચારોથી. નવયુવાનો એ છે જે નવીન વિચારોની ખેતી કરે છે. તેની અવગણના દેશને ખાડા લઇ જવા માટે બસ છે. આપણે રોજ નવા વિચારો અને વિચારકોથી દિવસનું સ્વાગત કરવાનું છે. જેમ નવો દિવસ નવી ખુશીઓ લઇને આવે છે તેમ નવી અકળામણો કે ઉપાધિઓ ખેંચી લાવે છે. નવીન વિચારો વિના આ બધી મુશ્કેલીઓ પાછી હટાવવા માટે નવીન તરકીબો જ કામે આવે છે. જો તમે આધુનિકતાના રંગે રંગાયેલા ખેડૂતના ખેતરમાં જાવ તો છોડને પાણી પીવડાવવા માટે નીંકોને બદલે ફુવારા કે નળીઓ (ડ્રીપ ઇરીગેશન) ગોઠવેલી દેખાશે. ખેતીમાલિક આરામથી શેઢા ઉપર બેઠા હોય અને પાણીના ઓછા વપરાશે સમૃદ્ધ ખેતી કરતો હોય. વિચારો કે આ નવીન વિચારની પણ કોઇકે તો ખેતી જ કરી હશે ને? આ તક જો તેને તેના ઘરના કે બહારના લોકોએ ન આપી હોય તો ?

હજી આપણે બધાને પુરતું ભોજન આપી શકવાને સક્ષમ નથી. જે દેશમાં અનાડ સડી જતું હોય, અનાજના પૂરતા ભાવ ન મળતા હોય! ત્યાં કોઇ વ્યક્તિ ભૂખી રહી શકે ખરી? આ બાબતે ટેકનોલોજી કામ લાગી શકે? જરૂર લાગી શકે. જેવી રીતે અનાજના 'કોલ્ડ સ્ટોરેજ' હોય છે તેમ 'ખોરાકના કોલ્ડ-હીટ સ્ટોરેજ' ન હોઇ શકે? એવી ફેક્ટરી હોય જયાં પૂરતું ભોજન બનાવવાનો જથ્થો ગોઠવાઇ જાય પછી જમવાનું પણ એની મેળે બનીને સચવાઇ રહે! જે વિસ્તારમાં સૌથી વધુ ગરીબી હોય ત્યાં ઉદ્યોગપતિ અને સરકારની સમાન ભાગીદારીથી આવો પ્રકલ્પ ચાલે. જો વગર ચાલકે મોટરગાડી ચાલે, કૂવામાંથી પાણી ખેંચી શકાય અને ગંજાવર કારખાનાં ચાલે. તો પછી ભોજન પૂરૂં પાડતું, સુરક્ષીત રાખતું અને ભૂખ્યાને પીરસતું કારખાનું બનાવવું તો શક્ય જ ગણાય.

જે મિત્રો આ દિશામાં કામ કરવાં ઇચ્છતા હોય તેણે કોઇની રાહ જોવાની જરૂર ખરી?